Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science
ISSN: 2279 - 0241
Continuous issue-21 | April - May 2016

# ભારતમાં બાળમજૂરીની સમસ્યા તેનાં કેટલાંક કારણો અને ઉપાયો

### 1) પ્રસ્તાવના :

ભારતમાં આયોજનકાળ દરમિયાન સામાજિક આર્થિક ક્ષેત્રે ઘણી પ્રગતિ શક્ય બની છે. જેમ કે આધુનિક યંત્રોથી સજ્જ મોટા કદના ઉધોગોની સ્થાપના,રસ્તા,વીજળી,સંદેશાવ્યવહાર,પાણી વગેરે જેવા માળખાકીય ક્ષેત્રોનો વિકાસ, લોકોના આરોગ્યમાં સુધારો ,આયુષ્યમાં વધારો,શિક્ષણના પ્રમાણમાં વધારો ,અનાજમાં સ્વાવલંબન ,રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો વગેરે સિધ્ધિઓએ રાષ્ટ્રનું ગૌરવ વિશ્વમાં વધાર્યું છે. વિકાસની આ ક્રાન્તિમાં કેટલીક એવી સામાજિક આર્થિક સમસ્યાઓ સર્જાય છે કે જે આપણાં રાષ્ટ્ર માટે ચિંતાજનક કહી શકાય, જેમાની એક ગંભીર સમસ્યા બાળમજૂરી છે. બાળમજૂરીની સમસ્યા આઝાદીના આટલા વર્ષો પછી પણ આપણે દૂર કરી શકયા નથી. આ સમસ્યા દૂર કરવા જુદા જુદા ઘણાં ઉપાયો યોજવામાં આવ્યા. પરંતુ કેટલાંક કારણોસર આ સમસ્યા સંપૂર્ણ નાબુદ કરી શક્યા નથી

### 2) અભ્યાસનું મહત્વ :

બાળકો દેશની સંપતી અને ભાવિ છે આજનો બાળક આવતીકાલનો નાગરિક છે, જે દેશના બાળકો શારીરિક માનસિક રીતે વધુ વિકસિત હોય તે દેશનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બની શકે. બાળકોના શારીરિક માનસિક વિકાસને ઘણાં પરિબળો અસર કરે છે,તે પૈકી બાળમજૂરી બાળકોના શારીરિક માનસિક વિકાસને અવરોધે છે.આ બાળમજૂરીની સમસ્યા દૂર કરી/ઓછી કરી અને અન્યો ઉપાયો દ્વારા બાળકોનો શારીરિક માનસિક વિકાસ વધારી દેશના ભવિષ્યને ઉજ્જવળ કરી શકાય. પ્રસ્તુત પેપરમાં ભારતમાં બાળમજૂરીની સમસ્યા અને તેના કેટલાંક કારણો તપાસી આ સમસ્યા દૂર/ઓછી કરવાનાં ઉપાયો સૂચવવામાં આવ્યા છે. આશા રાખું છું કે આ અભ્યાસ દેશમાં બાળમજૂરોની સંખ્યા તેનું વલણ અને કારણો જાણવામાં અને બાળમજૂરીની સમસ્યા દૂર કરવાના ઉપાયો કરવામાં ઉપયોગી બની શકશે.

### 3) અભ્યાસના હેતુઓ :

- ભારતમાં બાળમજૂરોની સંખ્યા તપાસવી.
- બાળમજૂરીની સમસ્યાના કારણો તપાસવા.
- બાળમજૂરીની સમસ્યા દૂર/ઓછી કરવાના ઉપાયો સૂચવવા.

### 4) માહિતીની પ્રાપ્તિ :

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી આધારિત છે.અભ્યાસ માટે જરૂરી માહિતી સેન્સસ ,પુસ્તકો ,સામાયિક, વર્તમાન પત્રો ,ઇન્ટરનેટ વગેરે દ્વારા મેળવવામાં આવી છે.

### 5) સંશોધન પધ્ધતિ :

સૌપ્રથમ સમસ્યા જાણ્યા પછી પ્રસ્તુત અભ્યાસ માટે ગૌણ માહિતીનાં પ્રાપ્તી સ્થાનો દ્વારા માહિતીનું એકત્રિકરણ કરેલ. અભ્યાસ માટે એકત્ર કરેલ માહિતીને આધારે પરિણામો અને તારણો સુધી પહોચવા આંકડાશાસ્ત્રની વિવિધ પધ્ધતિઓમાંથી ઉપયોગી પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### 6) બાળક , બાળમજૂર અને બાળમજૂરીની સમસ્યા :

**બાળક** :

- સામાન્ય રીતે (બાળમજૂરના સંદર્ભમાં) 14 વર્ષ કરતા ઓછી ઉમરનાં છોકરા કે છોકરીને બાળક કહેવામાં આવે છે.

**બાળમજૂર :**

- 14 વર્ષ કરતા ઓછી ઉમરનું બાળક આર્થિક પ્રવૃત્તિમાં જોડાય તેને બાળમજૂર કહેવાય.
- ઇ.સં. 1986 નાં બાળમજૂર કાયદા અનુસાર- વર્ષ 2008 માં આ કાયદા અંતર્ગત જોખમી વ્યવસાયોની યાદી બહાર પાડવામાં આવી છે.આ જોખમી વ્યવસાયોમાં 14 વર્ષથી નીચેની ઉમરનાં બાળકને કામે રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્રતિબંધ અનુસાર જોઇએ તો આ જોખમી વ્યવસાયોની યાદીમાં દર્શાવેલ વ્યવસાયોમાં 14 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકને કામે રાખવામાં આવે તેને બાળમજૂર કહી શકાય.

**બાળમજૂરીની સમસ્યા :**

- બાળમજૂરીની સમસ્યા બાળમજૂરોની સંખ્યા/પ્રમાણ સાથે જોડાયેલ છે.

**7) ભારતમાં બાળમજૂરોની સંખ્યા :**

બાળમજૂરી એ વૈશ્વિક સમસ્યા છે.ભારતમાં કેટલાંક કારણોસર આ સમસ્યા વધુ ગંભીર છે. એક અભ્યાસ પ્રમાણે સમગ્ર વિશ્વમાં ભારતમાં બાળમજૂરો વધારે છે. ભારતમાં શહેરી વિસ્તારોમાં બીડી ઉધોગ ,હીરા પોલીશ, હસ્ત કલા ક્ષેત્ર ,માચીસ ઉધોગ ,ચાની લારી કે દુકાન, નાસ્તા સેન્ટરો ,પ્લાસ્ટિક એકત્રિકરણ વગેરે આર્થિક પ્રવૃત્તિઓમાં અને ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ-પશુપાલન વગેરે પ્રવૃત્તિઓમાં બાળમજૂરો વધુ જોવા મળે છે. ભારતમાં કૃષિક્ષેત્રમાં સૌથી વધારે બાળમજૂરો જોવા મળે છે.અભ્યાસની ઉંમરે અભ્યાસ છોડીને આવી પ્રવૃત્તિઓમાં જોડાતા બાળકો ઘણી વખત અકસ્માતો અને ગંભીર રોગોનો ભોગ બને છે.ભારતમાં બાળમજૂરો(5-14 વર્ષની વય જૂથ)ની સંખ્યા ટેબલ નંબર 1 માં દર્શાવી છે.

**ટેબલ નંબર 1 ભારતમાં બાળમજૂરો(5-14 વર્ષની વય જૂથ)નું પ્રમાણ (ઇ.સં.1971 થી 2011)**

| વર્ષ | 5-14 વર્ષની વય જૂથના કુલ બાળમજૂરો | આગળના સેન્સસની તુલનાએ ટકાવારી ફેરફાર |
|---|---|---|
| 1971 | 10753985 | - |
| 1981 | 13640870 | 26.844 |
| 1991 | 11285349 | -17.2681 |
| 2001 | 12666377 | 12.2373 |
| 2011 | 4353247 | -65.63 |

સ્ત્રોત: ભારતનાં સેન્સસ.

ઉપરના ટેબલ નંબર 1 પરથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં ઇ.સં. 1971 થી 2011 (પાંચ સેન્સસ) દરમિયાન બાળમજૂરોની સૌથી વધુ સંખ્યા 13640870 વર્ષ (સેન્સસ) 1981 માં અને સૌથી ઓછી સંખ્યા 4353247 વર્ષ (સેન્સસ) 2011 માં હતી.

ઉપરના ટેબલ નંબર 1 પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે ઇ.સં. 1971 થી 2011 (પાંચ સેન્સસ) દરમિયાન ભારતમાં બાળમજૂરોમાં સરેરાશ 10.95 ટકા ઘટાડો થયો છે. બાળમજૂરોની સંખ્યાની દ્રષ્ટીએ જોઇએ તો પણ આગળના વર્ષ 1971 થી 2001 (ચાર સેન્સસ) ની તુલનાએ વર્ષ (સેન્સસ) 2011 માં બાળમજૂરોની સંખ્યા ઘટી છે.ભારતમાં બાળમજૂરોની સંખ્યા ઘટાડવા અથવા બાળમજૂરીની સમસ્યા દૂર કરવા લેવામાં આવી રહેલા પગલાનું આ પરીણામ કહી શકાય.

**8) બાળમજૂરીની સમસ્યાનાં કેટલાંક કારણો :**

ભારતમાં બાળમજૂરીની સમસ્યા માટે સામાજિક આર્થિક અનેક કારણો જવાબદાર છે, જેમાંથી કેટલાંક કારણો નીચે પ્રમાણે જોવા મળે છે.

**8.1) ગરીબી :**

ગરીબી બાળમજૂરીની સમસ્યાનું મુખ્ય કારણ કહી શકાય. કોઇ માતા પિતા પોતાના બાળકને મજૂરી કરાવવા ઇચ્છતા ન હોય પરંતુ પોતાનું અને કુટુંબનું ભરપોષણ કરવા સક્ષમ ન હોય ત્યારે કુટુંબની આવકમાં મદદ રૂપ થવા મજબૂરીથી બાળકને શિક્ષણ

મેળવવાની ઉંમરે કામે લગાડે છે. બાળમજૂરો મોટાભાગે ગરીબ કુટુંબમાંથી આવતા હોય છે. ભારતમાં ગરીબી ઘણી છે, તેથી બાળમજૂરીની સમસ્યા વધુ છે તેમ કહી શકાય.

**8.2) શિક્ષણનું ઓછું પ્રમાણ** :

શિક્ષણ વ્યક્તિને રોજગારલક્ષી અને ઉચ્ચ વિચારવાન બનાવે છે.શિક્ષણના અભાવે વ્યક્તિને યોગ્ય રોજગારી અને પૂરતી આવક ન મળતા પોતાના બાળકોના ભવિષ્યનો વિચાર કર્યા વિના કામે મોકલશે જેથી બાળમજૂરીની સમસ્યા વધશે.ભારતમાં વર્ષ 2011 માં શિક્ષણનો દર 74.04 હતો. આમ ભારતમાં હજુ પણ અશિક્ષિત વસ્તીનું પ્રમાણ વધુ છે જે બાળમજૂરીનું કારણ કહી શકાય.

**8.3) બાળકોને ચૂકવી શકાતું ઓછું વેતન** :

પુખ્ત મજૂરોની તુલનામાં બાળમજૂરોને ઓછું વેતન ચૂકવવામાં આવે છે. આથી નિયોજકો પણ બાળમજૂરોને વધુ પસંદ કરે છે.

**8.4) બાળકો પાસેથી લઇ શકાતું વધારે કામ** :

પુખ્ત મજૂરો પાસે નિયત કલાકો જ કામ કરાવી શકાય છે, જ્યારે બાળકોની મજબૂરી, અજ્ઞાનતા વગેરે કારણોસર તેમની પાસે ઓછા વેતને વધારે કલાકો કામ લય શકાય છે. તેથી નિયોજકો બાળમજૂરોને વધારે પસંદ કરે છે.

**8.5) અમુંક કાર્યો બાળકો વધુ સારી રીતે કરી શકતા હોય છે** :

ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાં અમુંક કામો એવા હોય છે કે જે કામો બાળકો વધુ સારી રીતે કરી શકે છે, તેવા કામોમાં બાળમજૂરોને વધારે પસંદ કરવામાં આવે છે.

**8.6) માતા- પિતા કે વાલીનું મૃત્યુ :**

કેટલીક વખત માતા- પિતા કે વાલીનું અકાળે મૃત્યુ થતા બાળકોએ મજબૂરીથી કામે જોડાવું પડતું હોય છે.

**8.7) ભારતમાં ઓછી સામાજિક સુરક્ષા યોજનાઓ :**

ભારતમાં ઓછી સામાજિક સુરક્ષા યોજનાઓને કારણે ઘણી વખત માતા- પિતાની બિમારી, અપંગતા વૃધ્ધાવસ્થા કે મૃત્યુનાં કારણે બાળકોએ ના છૂટકે કામમાં જોડાવું પડે છે.

**8.8) રૂઢિચુસ્ત માન્યતાઓ** :

આજે એકવીસમી સદીમાં પણ ઘણાં માતા પિતા એવું માનતા હોય છે કે બાળકોને નાની ઉંમરે કામ શિખવશું તો જ આગળ જતા કામ આવડશે , અન્યથા યુવાનીમાં કામ નહિ આવડે, આવી માન્યતાને કારણે બાળકોને શિક્ષણ મેળવવાની ઉંમરે શિક્ષણની સાથે અથવા શિક્ષણ છોડાવીને કામે જોડતા હોય છે.

**8.9) ગ્રામીણ વિસ્તારોમાં ઓછી શૈક્ષણિક સગવડતાઓ** :

ગ્રામીણ  વિસ્તારોમાં ઓછી શૈક્ષણિક સગવડતાઓને કારણે બાળકોને અભ્યાસમાં રસ પડતો નથી, તેથી તેઓ ભણવાનું છોડી દેતા માતા પિતા કામે જોડી દેતા હોય છે.

**8.10) કુટુંબના સભ્યોની વધુ સંખ્યા :**

વધુ સભ્યો ધરાવતા કુટુંબમાં બધા સભ્યોને કામ મળતુ ન હોય ત્યારે બાળકો પાસે કામ કરાવી જરૂરી આવક ઊભી કરવામાં આવતી હોય છે.

**8.11) કુટુંબનાં વડાનાં વ્યસનો કે લત:**

ઘણી વખત કુટુંબનાં વડા અથવા પિતા નશીલા પદાર્થનાં વ્યસની બને કે જુગાર જેવી પ્રવૃત્તિમાં જોડાય ત્યારે જરૂરી આવક પ્રાપ્ત કરવા બાળકોને કામે જોડે છે.

આમ આવા અનેક કારણોસર ભારતમાં બાળમજૂરોની સંખ્યા વધારે છે.

## 9) બાળમજૂરીની સમસ્યાને દૂર કરવાના કેટલાક ઉપાયો :

- સરકાર દ્વારા ઘડવામાં આવેલા વિવિધ કાયદાઓનું અસરકારક પાલન કરાવવું જોઇએ.
- ગરીબી ઘટાડવી જોઇએ.
- રાષ્ટ્રમાં શિક્ષણનું પ્રમાણ અને ગુણવત્તામાં વધારો કરવો જોઇએ.

- દેશમાં આવકની અસમાનતા ઘટાડવી જોઇએ.
- યોગ્ય સગવડ સાથેના બાળગૃહોનું નિર્માણ કરવું જોઇએ.
- વિવિધ બિન સરકારી સ્વૈચ્છિક સંગઠનોને બાળમજૂરી નિવારણ કાર્યક્રમમાં જોડવા જોઇએ.
- વસ્તી વૃધ્ધિ દર નિયંત્રિત કરવો જોઇએ.
- જરૂરી સામાજિક સુરક્ષાની યોજનાઓ અમલમાં મુકવી જોઇએ.
- બાળમજૂરી નિવારણનાં કાયદાઓ અને જોગવાઇઓનો પ્રસાર કરવો જોઇએ.
- વ્યસન મુક્ત સમાજનું ઘડતર કરવું જોઇએ.
- સામાજિક માળખાં અને મૂલ્યોમાં સુધારો કરવો જોઈએ.

10) **તારણો** :

- બાળમજૂરી એ વૈશ્વિક સમસ્યા છે.
- વિશ્વમાં ભારતમાં બાળમજૂરો વધુ છે.
- ભારતમાં કૃષિ ક્ષેત્રમાં બાળમજૂરોની સંખ્યા વધુ છે.
- ભારતમાં ઇ.સં.1971 થી 2011 (પાંચ સેન્સસ) દરમિયાન બાળમજૂરોની સૌથી વધુ સંખ્યા 13640870 વર્ષ (સેન્સસ) 1981 માં અને સૌથી ઓછી સંખ્યા 4353247 વર્ષ (સેન્સસ) 2011 માં હતી.
- બાળમજૂરી માટે ઘણાં કારણો જવાબદાર છે જે પૈકી ગરીબી, શિક્ષણનું ઓછું પ્રમાણ, સામાજિક સુરક્ષાની ઓછી યોજનાઓ વગેરે મુખ્ય છે.

11) **ઉપસંહાર** :

આમ ભારતમાં બાળમજૂરીની ગંભીર સમસ્યા જોવા મળે છે. આ સમસ્યા માટે ગરીબી, શિક્ષણનું ઓછું પ્રમાણ, સામાજિક સુરક્ષાની ઓછી યોજનાઓ વગેરે પ્રકારના સામાજિક આર્થિક કારણો જવાબદાર છે. આ સમસ્યા દૂર કરવા અને સમૃધ્ધ ભારત - સશક્ત ભારતનું નિર્માણ કરવા જુદા જુદા સ્તરેથી વિવિધ ઉપાયો યોજવા જોઇએ.

## સંદર્ભસૂચિ:


1. Press Note on Poverty Estimates, 2011-12
   Planning Commission (2013), Govt. of India
2. Hand Book (2012) Statistics on Children in India, National Institute of Public Co-operation and Child Development - New Delhi.
3. Census of India.
4. Child Labour ILU, ILO, United Nation, 2011


*****************************************************************


**ડૉ.કનૈયાલાલ ડી. દવે**

અર્થશાસ્ત્ર વિભાગ

શ્રીમતી વી.પી.કાપડિયા મહિલા આર્ટ્સ કૉલેજ

ભાવનગર



Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat